GSTGuide
A Utility by GSTupdates.com

GST ની પ્રશ્નોત્તરી

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ

ચાર્ટર્ડ એકાઉન્ટએન્ટસ

શાહ ટીલાણી & એસોસીએટ્સ

-:પુસ્તિકા અનુવાદકો :-

સીએ જીનેશશાહ

સીએ જિતેન્દ્ર ટીલાણી

<u>(પ્રાઇવેટ સર્ક્યુલેશન માટે)</u>

સંદર્ભ :- Tweet FAQs

http://www.cbec.gov.in/resources//htdocs-cbec/gst/tweet-faq.pdf

શાહ ટીલાણી & એસોસીએટ્સ

પુસ્તિકા કરદાતા ઓ ના સામાન્યમાર્ગદર્શન માટે સંપુર્ણ પ્રયત્ન અને કાળજી પૂર્વક તૈયાર કરીછે છતાં . વધુ . વિશ્લેષણ અથવા અનુવાદન કરવામાં કોઈ ખામી હોય તો અમારી કોઈ જવાબદારી નથીચોખવટ માટે પોતાના સલાહકાર ની સલાહ લેવી.

ક્રમ નં.	પ્રશ્ન	જવાબ
	REGISTRATION (નોંધણી)	
૧.	કુલ ટર્નઓવરમાં જેના પર આરસીએમ ચૂકવવાપાત્ર છે તેવા પુરવઠાના નો સમાવેશ થાય છે ?	CGST ધારાના વિભાગ 2 (6) ના સંદર્ભ મુજબ કુલ ટર્નઓવરમાં જેના પર આરસીએમ ચૂકવવાપાત્ર છે તેવા પુરવઠાનો કુલ ટર્નઓવરમાં સમાવેશ થ તો નથી.
૨.	જો કોઈ વેપારી જેની માલિકી પેઢી છે તે ખોટા પાન કાર્ડ થી ભાગીદારી પેઢી માં માઈગ્રેટ થયો છે તો શું થશે ??	ભાગીદારી પેઢી નું નવું રજીસ્ટ્રેશન નવા પાન કાર્ડ થી લેવું પડશે.
૩.	એક કારપાત્ર વ્યક્તિ નું વ્યવસાય અનેક રાજ્યો માં છે. અને દરેક સપ્લાય ૧૦ લાખ થી નીચે છે અને તે કોઈ બીજા રાજ્ય માં આંતર રાજ્ય સપ્લાય કરે છે શું તે નોંધણી માટે જવાબદાર છે?	જો તેનું ટર્નઓવર (તમામ ભારત) 20 લાખથી વધુ જાય તો અને તે આંતર રાજ્ય સપ્લાય કરે ત્યારે તે રજીસ્ટર કરવા માટે જવાબદાર છે , તેથી રજીસ્ટ્રેશન લેવું ફરજીયાત છે
૪.	વેપારી PROVISIONAL GSTIN ઉપયોગ કરી શકે?? નવું GST નંબર જારી કરવામાં આવે ત્યાં સુધી વેપારી PROVISIONAL GSTIN નો ઉપયોગ શરૂ કરી શકે??	PROVISIONAL GSTIN ૯૦ દિવસ ની અંદર FINAL GSTIN નંબર માં રૂપાંતરિત થઇ જશે.ત્યાં સુધી તમે PROVISIONAL GSTIN નો ઉપયોગ કરી શકો છો.
૫.	દેશમાં દારૂના વેપારીને વેટ માંથી GST માં સ્થાનાંતરિત કરવા જરૂરી છે? દારૂ જીએસટી જીએસટી કાયદા બહાર નથી?	જે વ્યક્તિ ૧૦૦% જીએસટી માં કરમુક્ત માલ નો સપ્લાય કરતા હોય તે વેપારી ને રજીસ્ટ્રેશન માટે જવાબદાર નથી.
૬.	સીજીએસએસના ધારા નો ઉલ્લેખ 23 કરાયેલાં પુરવઠા જે કરવેરા માટે જવાબદાર નથી. "કરવેરા માટે જવાબદાર નથી" આ શબ્દ નો મતલબ NIL RATED સપ્લાય થાય છે?	"કર માટે જવાબદાર નથી " નો અર્થ જે પુરવઠો કર માટે લેવીપાત્ર નથી. CGST / SGST / IGST એક્ટ ની કલમ (78) 2હેઠળની વ્યાખ્યા નો સંદર્ભ લો.
૭.	સિવિલ કોન્ટ્રાક્ટર કે જે વિવિધ રાજ્યોમાં પ્રોજેક્ટ્સ કરે છે શું તેણે બધા રાજ્યો માં GST રજીસ્ટ્રેશન ની જરૂર છે કે પછી મુખ્ય	સિવિલ કોન્ટ્રાક્ટર તે સ્થળે થી રજીસ્ટ્રેશન કરાવશે જ્યાંથી સિવિલ સેવાઓ પૂરી પાડે છે. એટલે કે બધા રાજ્યો માં લેવો પડશે.

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ

	કચેરીના રાજ્યમાં રજીસ્ટ્રેશન પૂરતો હશે?	
૮.	શું કુલ ટર્નઓવરમાં ખરીદનાર રિવર્સ ચાર્જ માં વેરો ભરતો હોય તો તેવા પુરવઠા નો તે કુલ ટર્નઓવર માં સમાવેશ થશે?	વેપારી એ જે માલ સપ્લાય કરેલ હોય અને તેના ઉપર ભલે ખરીદનારે વેરો ભરેલ હોય તો પણ તે પુરવઠો નો કુલ ટર્નઓવર માં સમાવેશ થશે.
૯.	જો ત્યાં બે એસઇઝેડ એક જ રાજ્યમાં હોય , તો શું બે રજિસ્ટ્રેશન મેળવવાની જરૂર છે?	CGST નિયમોના નિયમ (1) 8 મુજબ રાજ્યમાં સમાન પેન હેઠળ સેઝ ને એક નોંધણી જરૂર પડે છે.
૧૦.	એક વકીલ છે જે આંતર રાજ્ય સર્વિસ રીવર્સ ચાર્જ હેઠળ પૂરી પાડે છે તો તેને GST માં રજીસ્ટ્રેશન લેવું જરૂરી છે?	રજીસ્ટ્રેશનમાંથી મુક્તિ એવા જ સપ્લાયર્સ ને આપવામાં આવી છે, જ્યાં સર્વિસ પ્રાપ્તકર્તા રિવર્સ ચાર્જ માં વેરો ભરે છે.
૧૧.	અન્ય રાજ્યમાં રજીસ્ટ્રેશન ક્યારે આવશ્યક છે?નાસિકથી અન્ય રાજ્યમાં સેવા આપી તો અન્ય રાજ્ય માં નોંધણીની જરૂર છે?	જો સર્વિસ નાસિક થી આપી છે તો વેપારીએ મહારાષ્ટ્ર રાજ્ય માં GST ની નોંધણી કરવી પડશે ને તેના ઉપર IGST લાગશે.અન્ય રાજ્ય માં નોંધણી લેવાની જરૂર નથી.
૧૨.	મેં જીએસટી હેઠળ સ્થાનાંતરિત (MIGRATION) કર્યું છે પરંતુ આઈએસડી (INPUT SERVICE DISTRIBUTORS) તરીકે રજીસ્ટર થવું છે . શું હું હવે અરજી કરી શકું છું અને પ્રક્રિયા શું છે?	એક અલગ અને નવું નોંધણી લેવી પડશે. આઇએસડી માટે નવું રજિસ્ટ્રેશન જરૂરી છે જે GST ની વેબસાઈટ પર થી કરી શકાશે.
૧૩.	મેં જીએસટીમાં સ્થાનાંતરિત (MIGRATION) કર્યો છે પરંતુ હું SAC કોડ દાખલ કરવાનું ભૂલી ગયો છુંમારે શું કરવું જોઈએ.?	પ્રોવીસીઓનલ ID ને ફાઈનલ રજીસ્ટ્રેશન માં રૂપાંતરિત કરવા માટે FORM REG-26 ફાઇલિંગ કરતી વખતે પણ તે ભરી શકાય છે.
૧૪.	મારી વ્યક્તિગત નામ પર SERVICETAX નંબર છે અને મારી પાસે GST માઈગ્રેશન નંબર પણ છે હું આ . નંબર મારી માલિકી પેઢીના નામ પર ટ્રાન્સફર કરવા માંગું છું.	કામચલાઉ ID ને ફાઈનલ રજીસ્ટ્રેશન માં રૂપાંતરિત કરવા માટે FORM REG-26 ફાઇલિંગ કરતી વખતે કરી શકાશે.
૧૫.	ભાડા ની આવક ૨૦ લાખ થી ઓછી હોય તો GST લાગશે?	જીએસટી માત્ર ત્યારે જ લાગુ પડે છે જો એકંદરે ટર્નઓવર ૨૦ લાખ થી વધુ હોય તો જ. એટલે ભાડા ની આવક ૨૦ લાખ થી ઓછી હોય તો GST

શાહ ટીલાણી & એસોસિએટ્સ

		નહિ લાગશે.
૧૬.	જો કોઈ વ્યક્તિ માત્ર 0% જીએસટી વસ્તુઓ (અનાજ, કઠોડ) તેને જીએસટી માટે નોંધણી કરાવવી જરૂરી છે , જો ટર્નઓવર ૨૦ લાખ થી વધારે છે?	ટર્નઓવરના ધ્યાનમાં લીધા વગર ૧૦૦% મુક્તિવાળી વસ્તુઓ ના વેચાણ માટે GST માં રજીસ્ટર થવા માટે જવાબદાર નથી.
૧૭.	જે વ્યક્તિ NIL રેટ,અને EXEMPT ગૂડસ/સર્વિસ નું વેચાણ ૨૦ લાખ થી વધારે છે તો તેને જીએસટી માટે નોંધણી કરાવવી જરૂરી છે?	જે વ્યક્તિ ૧૦૦% Nil રેટ,અને EXEMPT ગૂડસ નો વેપાર કરે છે અને વેચાણ ૨૦ લાખ થી વધારે છે તો પણ રજીસ્ટ્રેશનની કોઈ જવાબદારી નથી.
૧૮.	જે વેપારી નું વેચાણ ૨૦ લાખ થી ઓછું છે અને તે સ્વેચ્છાએ રજીસ્ટ્રેશન લે છે તો તેને પેહેલા જ સપ્લાય પર GST ચૂકવાનો રહેશે?	હા, તમને સામાન્ય કરપાત્ર વ્યક્તિ તરીકે ગણવામાં આવશે. તેને પેહેલા જ સપ્લાય પર GST ચૂકવાનો રહેશે
૧૯.	GST નો ટીડીએસ કાપવા માટે રજિસ્ટર્ડ વ્યક્તિ ને અલગ અલગ GSTN આપવામાં આવશે?	ટેક્સ કપાત તરીકે અલગ નોંધણી જરૂરી છે. તે GSTN આયકાર વિભાગ નો TAN આધારિત હશે.
૨૦.	કોઈ એક જ વેપારી જે એક રાજ્ય માં ટ્રેડિંગ અને ઉત્પાદન કરે છે,તો દરેક એક્ટીવીટી માટે અલગ રજીસ્ટ્રેશન લેવું જરૂરી છે?	એકજ રાજ્ય માં બધી જ એક્ટીવીટી માટે એકજ નંબર ચાલશે.અલગ અલગ નોધણી લેવાની જરૂર નથી.
૨૧.	હું ગુજરાત માં GST માં રજીસ્ટર છું અને મુંબઈ થી કોઈ અનરજીસ્ટર વેપારી પાસે સેવા લઉં છું તો મારે RCM માં GST ભરવા માટે મુંબઈ માં નંબર લેવો પડશે?	કોઈપણ વ્યક્તિ જે આંતરરાજ્ય વેપાર માં સંકળાયેલો છે તેને નોંધણી લેવી પડશે.આ કીસ્સામાં માં મુંબઈ ના વેપારીએ GST નંબર લેવો પડશે.
૨૨.	જીએસટી માં વિસ્તાર આધારિત કર મુક્તિનો કોઈ ખ્યાલ છે?	જીએસટી માં વિસ્તાર આધારિત કર મુક્તિનો કોઈ ખ્યાલ નથી.
૨૩	જો મહારાષ્ટ્રમાં કોઈ કંપની દિલ્હીમાં એક જ ઇવેન્ટ ધરાવે છે ,શું તેઓ દિલ્હીમાં નોંધણી કરાવી શકે છે ? મહારાષ્ટ્ર માંથી IGST ચૂકવણી કરે તો ચાલશે?	ફક્ત જો તમે કોઈ સેવાનો પુરવઠો દિલ્હીમાંથી પૂરો પાડો તો તમારે દિલ્હી માં નોંધણી લેવાની જરૂર છે. મુંબઇમાં નોંધણી પૂરતી છે તેને IGST નીચુકવણી કરવી પડશે

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ

૨૪.	જીએસટીમાં નોંધણી કેટલા દિવસ માં થઇ જવી જોઈએ?	એક નોંધાયેલ ન હોય તેવા વ્યક્તિ પાસે 30 દિવસનો સમય છે જવાબદારી ઉભી થયા ની તારીખ થી 30 દિવસ માં નોંધણી લેવી પડશે.
૨૫.	સર્વિસ ટેક્સ હેઠળ રજીસ્ટર છું પણ હું જીએસટી હેઠળ નોંધણી કરાવવા માટે જવાબદાર ન હોઉં તો મારે શું કરવું જોઈએ?	કામચલાઉ ID ને તમે રદ કરવા માટે મી 31 જુલાઈના રોજ અથવા તે પહેલાંની અરજી કરી શકો છો.
૨૬	નોંધણી માટે એજન્ટનો ટર્નઓવર તેના પ્રિન્સીપાલ ના ટર્નઓવર તેમાં ઉમેરવામાં આવશે?	ના.
૨૭	જો હું હાલના કરદાતા નથી અને નવા રજીસ્ટરની ઇચ્છા રાખું છું ,જીએસટી હેઠળ ક્યારે અરજી કરી શકીશ?	જીએસટી પોર્ટલ gst.gov.in પર નવા નંબર ણી અરજી કરી શકાશે.

REFUND AND CESS

૨૮.	સર્વિસ ટેક્સમાં EXPORT નો રિફંડ બાકી છે .તો હવે તે કઈ રીતે મળશે?	અગાઉનાં કાયદા હેઠળના રિફંડ્સ તેજ કાયદા હેઠળ આપવામાં આવશે.
૨૯	નિકાસકાર તરીકે, હું કેવી રીતે તેની ખાતરી કરું છું કે મારું કાર્યકારી મૂડી જે રીફંડ તરીકે અવરોધિત નથી?	તે માટે યોગ્ય જોગવાઈઓ કરવામાં આવી છે .કામચલાઉ આધાર પર ૯૦% રિફંડ રજીસ્ટ્રેશન ફાઇલ કરવાના ૭ દિવસની અંદર આપવામાં આવશે.
30	કોલસા પર જીએસટીની અસર શું છે ? શું CLEAN ENRGY CESS ચાલુ રહેશે?	CLEAN ENRGY CESS એ GST COMPENSATION CESS થી રિપ્લેસ થશે.

શાહ ટીલાણી & એસોસીએટ્સ

COMPOSITION SCHEME

૩૧	ધારો કે કોઈ વેપારી COMPOSITION SCHEME માં રજીસ્ટ્રેશન લીધું છે અને તે UNREGISTERED વેપારી પાસેથી માલ ખરીદે છે તો GST કોણ ભરશે?	COMPOSITION SCHEME માં રજીસ્ટ્રેશન લીધેલા વેપારી એ GST ભરવો પડશે.

CUSTOMS

૩૨	સામાનની આયાત પર ક્યાં કર લાદવામાં આવશે?	લાગુ પડતી કસ્ટમ ડ્યુટી અને સેસ + IGST + જીએસટી કમ્પન્સેસન સેસ . તમામ કસ્ટમ ડ્યુટી આયાતની મૂલ્યની ઉમેર્યા પછી જીએસટી કમ્પન્સેસન સેસ ચાર્જ થશે.

EXPORT

૩૩	વર્તમાન કાયદા મુજબ નેપાળ માં પૂરી પડેલ સર્વિસ પર સર્વિસ ટેક્ષ લાગે છે,GST કાયદા માં શું સ્થિતિ હશે?	નેપાળ માટેની નિકાસ પ્રક્રિયા અન્ય દેશો જેવું જ હશે.તે EXPORT કહેવાશે.અને GST નહિ લાગે.
૩૪	SEZ માટે મુક્તિ છે ? SEZ માં વ્યવહાર કેવી રીતે થશે? જીએસટી શાસનમાં શું થશે?	સેઝ માટે પુરવઠો શૂન્ય રેટેડ છે- આઇજીએસટી એક્ટ વિભાગ માં 16 વ્યાખ્યાયિત કરેલ પુરવઠો છે.
૩૫	SEZ દ્વારા અને SEZ માંથી ખરીદી અને વેચાણ કરેલ માલ EXPORT કહેવાશે?	SEZ ને પૂરો પાડેલ પુરવઠો ZERO રેટેડ સપ્લાય કહેવાશે,અને SEZ માંથી લીધેલ પુરવઠો IMPORT કહેવાશે.
૩૬	આંતરરાષ્ટ્રીય નિકાસ ભાડા ની સ્થિતિને જીએસટી માં સ્પષ્ટ કરો. પીઓપીએસ નિયમોહેઠળમુક્તિ આપવામાં આવી હતી .મોટા ભાગ ના દેશો માં શૂન્ય	IGST એક્ટ ૨૦૧૭ ના આધારે કલમ ૧૨ (૮) ને કલમ ૧૩ (૮) માં માલપરિવહન માટે POS સેવાનો ઉપયોગ કરનાર

શાહ ટીલાણી & એસોસીએટ્સ

	રેટ જાહેર કરાયું છે.	વ્યક્તિ ના સ્થાન પર આધારિત છે.નિકાસ એ ઝીરો રેટેડ સપ્લાય છે.
૩૭	જ્યારે SEZ પાસેથી માલ આયાત કરવામાં આવે ત્યારે તે IGST ચૂકવણી કોણ કરશે?	આવા પુરવઠાને આયાત તરીકે ગણવામાં આવે છે.CVD ની જગ્યાએ IGST લાદવામાં આવશે.
૩૮	SEZ માંથી માલની ખરીદી કરવામાં આવે ત્યારે આઇજીએસટી કોણ ચૂકવશે ? આજે આયાતકાર BCD અને CVD બંને ચૂકવણી કરી રહ્યા છે.	આવા પુરવઠાને આયાત તરીકે ગણવામાં આવે છે.CVD ની જગ્યાએ IGST લાદવામાં આવશે.

INPUT TAX CREDIT

૩૯	રાજસ્થાન માં ખરીદી પર ચુકવેલ SGST ગુજરાત માં SGST ની ચુકવણી માટે ઉપયોગ કરી શકાશે?	એક રાજ્યના એસજીએસટી ક્રેડીટ નો ઉપયોગ અન્ય રાજ્ય ની એસજીએસટી કર ચુકવણી માટે ઉપયોગ કરી શકાતો નથી.
૪૦.	આઇજીએસટીની ચુકવણી માટે એસજીએસટી અન્ય રાજ્ય ની ક્રેડિટનોઉપયોગ કેવી રીતે કરી શકાય ?	આઇજીએસટીની જવાબદારીઓ ની ચુકવણી માટે SGST ક્રેડિટનો ઉપયોગ સમાન GSTIN હેઠળ કરી શકાય છે.
૪૧.	એક રાજ્યની CGST ક્રેડીટ અન્ય રાજ્ય CGST ચૂકવણી કરવા માટે વાપરી શકાય છે?	કોઈ રાજય ની CGST અને SGST ક્રેડિટ તે જ રાજ્ય અંદરની સંબંધિત CGST / SGST જવાબદારીઓ અને એજ GSTIN ની ચુકવણી માટે ઉપયોગ કરી શકાય છે.
૪૨	સર્વિસ પૂરી પાડવામાં આવી તો GST કઈ રીતે ચુકવાશે?	જે રાજ્ય માંથી સર્વિસ પૂરી પાડવામાં આવી છે,તે રાજ્ય માં GST ચૂકવાનો રહેશે.
૪૩	જે કંપની ઓ સિમેન્ટ અને પાવર ક્ષેત્રે ઉત્પાદન કરતી હોય તેમને ક્રેડિટ રિવર્સ કેવી રીતે થશે?	ITC રિવર્સ ના રુલ લાગુ પડશે.
૪૪	અનરજીસ્ટર વેપારી પાસેથી મળેલ ઇન્વોઇસ,ડેબીટ નોટ GSTN પર કઈ રીતે રીપોર્ટ થશે? તેની ITC કઈ	અનરજીસ્ટર વેપારી વતી ઇન્વોઇસ,ડેબીટ નોટ રજીસ્ટર વેપારી ઈશ્યુ કરશે.ફોર્મ

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ

	રીતે મળશે?	GSTR૨ ની અંદર તેની રીપોર્ટ થશે.

INVOICE

૪૫	એક વેપારી કર પાત્ર તેમજ કર મુક્ત પુરવઠો વેચે છે,તો શું એણે બંને પુરવઠા માટે અલગ અલગ ટેક્સ ઇન્વોઇસ ઇસ્યુ કરવાની જરૂર છે?	આવા કિસ્સામાં વ્યક્તિ એક જ ટેક્સ ઇન્વોઇસ ઇસ્યુ કરીને બંને પ્રકારના પુરવઠા નું વર્ગીકરણ કરી શકે છે.
૪૬	રજીસ્ટર વેપારી જ્યારે અનરજીસ્ટર વેપારી ને માલ વેચે છે ત્યારે તેણે પાન કાર્ડ અને આધાર કાર્ડ ની માહિતી લેવી જરૂરી છે?	ના.GST કાયદા માં ગ્રાહક ના પાન કાર્ડ અને આધાર કાર્ડ ની માહિતી લેવી જરૂરી નથી.
૪૭	ટ્રાન્સપોર્ટ ભાડું ખર્ચ પેકિંગ ખર્ચ જે સેલ્સ ઇન્વૉઇસ માં દર્શાવામાં આવે છે તે જીએસટીમાં કરપાત્ર છે ? બિલમાં કઈ રીતે ચાર્જ કરશો?	CGST એક્ટ અને ઇન્વોઇસ ની કલમ 15 મુજબ પુરવઠા કિંમત માં બધા ખર્ચમાં સમાવેશ કરવો પડશે.આ બધા જ ખર્ચા પર GST ચાર્જ કરવો પડશે. આ બધા ખર્ચા ઇન્વૉઇસ અલગ અલગ દર્શાવવા પડશે.
૪૮	બિલ્ડર ને કન્સ્ટ્રકશન મટીરીયલ ડીલીવરી ચલન થી મોકલવામાં આવે અને ટેક્ષ ઇન્વોઇસ કન્સ્ટ્રકશન પ્રકિયા પૂરી થાય પછી ઇસ્યુ કરવામાં આવે તો તે GST કાયદા મુજબ યોગ્ય કહેવાશે?	કન્સ્ટ્રકશન પ્રકિયા માં વપરાતા માલ ને કન્સ્ટ્રકશન સાઈટ પર મોકલવામાં આવે ત્યારે ઇન્વોઇસ ઇસ્યુ કરવું જરૂરી છે. સાધનો ને કન્સ્ટ્રકશન સાઈટ પર મોકલવામાં આવે ત્યારે ડીલીવરી ચલન નો ઉપયોગ કરવો.
૪૯	જીએસટી માં નીચેના ટ્રાન્ઝેક્શનનો કેવી રીતે ઉપયોગ કરવો ? (૧) ટ્રાન્ઝિટમાં પુરવઠાની અછત (૨) ગ્રાહક જથ્થો ઓછો મેળવે છે અને કિંમત ઓછી ચુકવે છે.	સપ્લાયર્સ ગ્રાહક ને ક્રેડીટ નોટ આપશે અને તેની સામે લેણી રકમ ને એડજસ્ટ કરશે.
૫૦	RCM માં GST ની જવાબદારી ચૂકવવા માટે શું	RCM માં GST ની જવાબદારી ચૂકવવા

શાહ ટીલાણી & એસોસીએટ્સ

	ઇન્વોઇસ ઇસ્યુ કરવાની જરૂર છે?	માટે જાતેજ ટેક્ષ ઇન્વોઇસ ઇસ્યુ કરવો પડશે.

RETURN

૫૧	અગાઉ થી મળેલ રકમ ઉપર ટેકસ ભરાઈ ગયો છે, હવે અગાઉ થી મળેલ રકમ કોઈ સંજોગ અનુસાર પરત થાય છે તો હવે શું થશે?	ટેક્ષ ની રકમ રીટર્ન ભરતી વખતે એડજસ્ટ કરી શકાશે.
૫૨	શું રજિસ્ટર્ડ ડીલરો એ અનરજિસ્ટર્ડ ડીલરોને કરેલ વેચાણની વિગતો અપલોડ કરવી જરૂરી છે??	ના..પરંતુ ૨.૫૦ લાખથી વધુની કિંમત ધરવતા ઇન્વોઇસ જે આંતર રાજ્ય પુરવઠા માટે ઈસ્યુ કરવામાં આવે છે ત્યારે અનરજિસ્ટર્ડ ડીલરોને કરેલ વેચાણની વિગતો અપલોડ કરવી જરૂરી છે.
૫૩.	ચાર નંબર ના સરખા HSN કોડ ધરવતી અને અસમાન ટેક્ષ રેટ ધરાવતી બે ફ્રાર્મા ની વસ્તુઓ GST રીટર્ન ની કઈ રીતે દર્શાવશો??	GST રીટર્ન માં વસ્તુઓ ના દર મુજબ વર્ગીકરણ થશે.

SUPPLY

૫૪.	રીવર્સ ચાર્જ અંદર ભરવામાં આવતી GST માટે કોઈ ટ્રાન્સેક્સન લીમીટ છે?	તે નક્કી કરવામાં આવ્યું છે કે અનરજીસ્ટર વેપારી પાસેથી ખરીદી કરવાની લીમીટ રૂ૫૦૦૦ દિવસની આપવામાં આવશે. આ પુરવઠા માટે માસિક એકત્રિત બિલ આપી શકાશે.
૫૫.	FMCG કંપનીઓ દ્વારા ફ્રિ વસ્તુઓ ગ્રાહકો ને આપવામાં આવેછે,આવી વસ્તુઓ પર GST ની શું અસર રહેશે?	આવી વસ્તુઓ ની સપ્લાય માટે જે અવેજ મળશે તેના પર GST ચાર્જ થશે.
૫૬	અન રજીસ્ટ્રર સપ્લાયર પાસે થી આંતરરાજ્ય માંથી માલ આવશે તો તેમાં CGST ની કલમ ૯(૪) કેવી રીતે અનુસરસો?	જો કોઈ આંતરરાજ્ય સપ્લાય કરતો હશે તેને ફરજીયાત પણે GST નોધણી નં. લેવો પડશે અને CGST ની ૯(૪) લાગુ

શાહ ટીલાણી & એસોસીએટ્સ

		નહિ પડે.
૫૭	INTERN ને ચૂકવવા માં આવતા STIPEND ઉપર RCM માં GST ભરવો પડશે?	ના, INTERN ને ચૂકવવા માં આવતા STIPEND એ EMPLOYEE-EMPLOYER વ્યવ્હાર કહેવાશે, તેથી તેના ઉપર GST નહિ લાગે.
૫૮	INCOME TAX કાયદા મુજબ ભાગીદારી પેઢી, ભાગીદારો ને જેવેતન ચૂકવે છે તેના ઉપર GST લાગશે?	ના, વેતન ઉપર GST નહિ લાગે.
૫૯	૧૦૦ રૂ ની પરચુરણ ખરીદી જો અન રજીસ્ટ્રર સપ્લાયર પાસે થી ખરીદી કરી હોય તો CGST ની કલમ ૯(૪) RCM કેવી રીતે અનુસરસો?	તે નક્કી કરવામાં આવ્યું છે કે અનરજીસ્ટર વેપારી પાસેથી ખરીદી કરવાની લીમીટ રૂ૫૦૦૦ દિવસની આપવામાં આવી છે તેથી RCM માં ટેક્ષ નહિ લાગે.
૬૦	FMCG કંપનીઓ દ્વારા ફ્રિ વસ્તુઓ ગ્રાહકો ને આપવામાં આવે છે, આવી વસ્તુઓ પર GST ની શું અસર રહેશે?	આવી વસ્તુઓ ની સપ્લાય માટે જે અવેજ મળશે તેના પર GST ચાર્જ થશે.
૬૧	FINISHED GOODS ની સાથે આપવામાં આવતા RETURNABLE પેકિંગ મટીરીયલ (દાત ડ્રમ) ઉપર GST લાગશે?	ના, GST માત્ર SUPPLY ની કીમત ઉપર લાગશે, એટલે કે RETURNABLE પેકિંગ મટીરીયલ (દાત ડ્રમ) ઉપર GST નહિ લાગે.
૬૨	સ્ક્રેપના નિકાલ ઉપર GST લાગશે?	જો સ્ક્રેપ નો નિકાલ ધંધા ના હેતુ (in the course or furtherance of business purposes) માટે હશે તોતેના ઉપર GST લાગશે
૬૩	હું ગુજરાત નો વેપારી (દાત Mr X) છુ અને હું રાજસ્થાન ના ગ્રાહક (દાત Mr A) ને સર્વિસ આપું છુ, અને આ કામ રાજસ્થાન ના કોઈ બીજા સર્વીસ પ્રોવાઇડર (દાત Mr B) ને OUTSOURCE કરું છુ તો તેના ઉપર GST કેવી રીતે લાગશે?	આ બે પ્રકાર ના વ્યવહાર ગણાશે, આમાં ગુજરાત ના વેપારી જે રાજસ્થાન ના ગ્રાહક ને જે સર્વીસ પ્રોવાઇડ કરે તેના ઉપર IGST લાગશે (Mr X to Mr A) એને રાજસ્થાન ના કોઈ બીજા સર્વીસ પ્રોવાઇડર ગુજરાત ના વેપારી ને જે

શાહ ટીલાણી & એસોસીએટ્સ

		સર્વિસ પ્રોવાઇડ કરે છેતેના ઉપર પણ IGST લાગશે (Mr B to Mr X)
૬૪	મહારાષ્ટ્ર નો કોઈ વેપારી ગુજરાત આવે છે અને તે ગુજરાત માં કોઈ સર્વીસ પ્રોવાઇડર પાસે થી સર્વીસ લે છે તો તેના ઉપર IGST કે CGST/SGAT લાગશે?	જો સપ્લાય ની જગ્યા અને સપ્લાયર નું લોકેશન એક જ રાજ્ય માં હશે તો તે આંતર રાજ્ય વ્યવહાર નહિ ગણાય અને તેના ઉપર CGST અને SGAT લાગશે.
૬૫	CGST-IGST-SGST માં ભરેલી ડ્યુટી નું અલગ અલગ વર્ગીકરણ શા માટે કરવામાં આવેલ છે?	કારણ કે તે ત્રણે અલગ અલગ કાયદા છે એટલે તેની ડયુટી પણ અલગ અલગ ભરવાની રહેશે.
૬૬	ITC ક્રેડિટ ના મતે "NIL રેટેડ", Taxable at 0% અને કરમાફી (Exempted) માલ અને સેવા ઓ માં તફાવત શું છે?	કર મુક્ત સપ્લાય ની અંદર NIL રેટેડ અને NON Taxable સપ્લાય એમ બંને નો સમાવેશ થાય છે એટલે એની ક્રેડિટ નહિ મળે.
૬7	GST લાગુ થઇ ગયા પછી Professtional Tax નાબુદ થશે?	ના, Professtional Tax નો GST માં સમ્લીકરણ નહિ થાય
૬૮	EMPLOYER દ્વારા EMPLOYEE ને લોકલ બસ ભાડું, જમવા ના પાસ, ટેલીફોન, ગાડી, યુનિફોર્મ વગેરે સેવાઓ પર GST લાગશે?	જો આ બધી સપ્લાય GIFT તારીખે હશે તો તેના ઉપર ૫0000 સુધી GST નહિ લાગે
૬૯	"COMPOSITE SUPPLY" ની વ્યાખ્યા અને વિભાગ ૮ માં થયેલ તેના વર્ણન વચ્ચે શું તફાવત છે?	વિભાગ (30) 2 કહે છે કઈ વસ્તુ ઓ સંયુક્ત પુરવઠા તરીકે ગણવામાં આવે છે . જ્યારે, વિભાગ માં સંયુક્ત 8પુરવઠા પર કેટલો ટેક્ષ લાગશે તેની ચર્ચા કરવામાં આવે છે.
૭0	શું "SLUMP SALE" ઉપર GST લાગશે?? અગર જવાબ હા,તો કયો SECTION લાગશે?	તેને "નોર્મલ સપ્લાયર્સ" તરીકે ગણવામાં આવશે.અને તેના પર GST લાગશે.
૭૧	INCOME TAX કાયદા મુજબ ભાગીદારી પેઢી, ભાગીદારો ને જેવેતન ચૂકવે છે તેના ઉપર GST લાગશે?	ના, વેતન ઉપર GST નહિ લાગે.

શાહ ટીલાણી & એસોસીએટ્સ

TRANSITION

૭૨	TRANSTION ક્રેડીટ કઈ રીતે મળશે?	TRANSTION ક્રેડીટ TRANSTION નિયમો મુજબ 30/૦૯/૨૦૧૭ સુધી સંબધિત ફોર્મ ભરીને લઇ શકાશે.
૭૩	ઉતરાખંડ અને હરિયાણા માં વિસ્તાર આધારિત કર મુક્તિ શું છે ??	GST માં વિસ્તાર આધારિત કર મુક્તિ નો કોઈ કન્સેપ્ટ નથી.
૭૪	કોઈ વેપારી EXCISABLE માલ નું ઉત્પાદન કરે છે,આ વેપારી NOTIFICATION નં.૫૦/૨003 નો ફાયદો લે છે,તો તે વેપારી ના STOCK નું શું થશે?	આ વેપારી ને GST માં વસ્તુ પર ચૂકવામાં આવતા CGST દર ના ૪૦%/૬૦% DEEMED CREDIT મળશે.પરંતુ બ્રાન્ડેડ વસ્તુઓ જેની કિંમત ૨૫,000 થી તેની પુરેપુરી ક્રેડીટ મળશે.
૭૫	એક વેપારી એવા ઉત્પાદક પાસેથી ખરીદી કરે છે જે EXCISE માં રજીસ્ટર નથી,આ કિસ્સામાં શું વેપારી ૪૦% ક્રેડીટ લઇ શકે છે?	હા.અમુક જોગવાઈઓ ને આધીન આ વેપારી ક્રેડીટ લઇ શકશે.
૭૬	વેપારી છું મારી પાસે એક્સાઇઝ ચૂકવણી નું ખરીદી ભરતિયું છે .શું હું ૧ લી જુલાઈ ૨ 01૭ ના સ્ટોક પર પૂર્ણ એક્સાઇઝ ડ્યુટીના ક્રેડિટનો દાવો કરી શકું છું	હા. CGST એક્ટની કલમ (3) 140 મુજબ જો તમારી પાસે એક્સાઇઝ ચૂકવણી નું ખરીદી ભરતિયું છે તો તમેં અમુક જોગવાઈઓ ને આધિન સ્ટોક માં રહેલ EXCISE ની ક્રેડીટ નો પુરેપુરો દાવો કરી શકશો.
૭૭	હું એક વેપારી છું અને હું ઉત્પાદક પાસેથી ખરીદી કરી છે તેનું ભરતિયું મારી પાસે છે .આ ભરતીયા માં EXCISE DUTY અલગ થી બતાવેલી નથી. તો શું હું ૧ લી જુલાઈ ૨ 01૭ ના સ્ટોક પર પૂર્ણ એક્સાઇઝ	હા. CGST એક્ટની કલમ (3) 140 મુજબ જો તમારી પાસે એક્સાઇઝ ચૂકવણી નું ખરીદી ભરતિયું છે તો તમેં અમુક જોગવાઈઓ ને આધિન સ્ટોક માં રહેલ

શાહ ટીલાણી & એસોસીએટ્સ

	ડ્યુટીના ક્રેડિટનો દાવો કરી શકું છું	EXCISE ની ક્રેડીટ નો પુરેપુરો દાવો કરી શકશો.
૭૮	હું એક ઉત્પાદક છું અને હું ઉત્પાદક પાસેથી ખરીદી કરી છે તેનું ભરતિયું મારી પાસે છે .આ ભરતીયા માં EXCISE DUTY અલગ થી બતાવેલી છે. તો શું હું ૧ લી જુલાઈ ૨ 01૭ ના સ્ટોક પર પૂર્ણ એક્સાઇઝ ડ્યુટીના ક્રેડિટનો દાવો કરી શકું છું	હા. CGST એક્ટની કલમ (3) 140 મુજબ જો તમારી પાસે એક્સાઇઝ ચૂકવણી નું ખરીદી ભરતિયું છે તો તમેં અમુક જોગવાઈઓ ને આધિન સ્ટોક માં રહેલ EXCISE ની ક્રેડીટ નો પુરેપુરો દાવો કરી શકશો.
૭૯	હું એક વેપારી છું અને હું ઉત્પાદક પાસેથી ખરીદી કરી છે તેનું ભરતિયું મારી પાસે છે .આ ભરતીયા માં EXCISE DUTY અલગ થી બતાવેલી છે. તો શું હું ૧ લી જુલાઈ ૨ 01૭ ના સ્ટોક પર પૂર્ણ એક્સાઇઝ ડ્યુટીના ક્રેડિટનો દાવો કરી શકું છું	હા. CGST એક્ટની કલમ (3) 140 મુજબ જો તમારી પાસે એક્સાઇઝ ચૂકવણી નું ખરીદી ભરતિયું છે તો તમેં અમુક જોગવાઈઓ ને આધિન સ્ટોક માં રહેલ EXCISE ની ક્રેડીટ નો પુરેપુરો દાવો કરી શકશો
૮૦	ધારો કે ૫૦ લાખ નો સ્ટોક ગોડાઉન માં પડ્યો છે.તેની ક્રેડીટ જુન ૨૦૧૭ માં ભરાયેલ વેટ રીટર્ન લીધી નથી.તો તેની વેટ ક્રેડીટ કઈ રીતે મળશે?	વેપારી ફક્ત જુન ૨૦૧૭ માં બતાવેલી ક્રેડીટ ની આખર ની બાકી GST માં આગળ લઇ જઈ શકાશે. એનો મતલબ જે સ્ટોક ની ક્રેડીટ જુન ૨૦૧૭ ના રીટર્ન માં નથી બતાવેલી તેની ક્રેડીટ GST માં આગળ નહિ લઇ જઈ શકીએ.
૮૧	૧ જુલાઈ ૨૦૧૭ ના સ્ટોક ઉપર પહેલે થી વેટ ભરેલ છે તેનું શું થશે?	આ વેટ ની ક્રેડીટ જુન ૨૦૧૭ ના વેટ રીટર્ન માં બતાવીને GST માં લઇ જઈ શકાશે.
૮૨	જો વેટ રિફંડ નો દાવો જુન ૨૦૧૭ કર્યો હતો અને હવે GST માં આગળ લઇ શકાય તેવી કોઈ ક્રેડીટ નથી.તો આવી સ્થિતિ માં શું થશે? C- ફોર્મ જમા કરવાની શું જોગવાઈ હશે.	આવા રીફંડ ની વર્તમાન કાયદા મુજબ થશે.વર્તમાન કાયદા ની કલમો લાગશે. C-ફોર્મ TRANSITION રુલ ૧ (૧) અંતર્ગત જમા કરવામાં આવસે.
૮૩	કોઈ સર્વિસ ૨૮/૦૬/૨૦૧૭ ના પૂરી પાડવામાં આવી છે પણ તેનું બિલ ૦૫/૦૭/૨૦૧૭ ના રોજ	જો POTR રુલ મુજબ પોઈન્ટ ઓફ સેલ્સ નિમણુંક તારીખ (૧/૭/૨૦૧૭) પછી નું

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ

	આપવામાં આવ્યો છે.તો શું તેના પર સર્વિસ ટેક્ષ ચાર્જ થશે કે GST ચાર્જ થશે?	હશે તો તેના પર GST ચાર્જ થશે.
૮૪	જે કેપીટલ ગૂડ્સ હજુ પરિવહન(TRANSIT)માં છે અને તેની ડીલીવરી GST નિમણુંક તારીખ (૧/૭/૨૦૧૭) પછી મળે છે તો કેપીટલ ગૂડ્સ પર લાગેલ ટેક્ષ ની ક્રેડીટ નું શું થશે?	હા.અમુક જોગવાઈઓ ને આધીન આ વેપારી ક્રેડીટ લઇ શકશે.
૮૫	TRANSITION તારીખ પર વેટ રીટર્ન માં બતાવેલ ક્રેડીટ નું થશે?	છેલ્લા વેટરીટર્ન માં બતાવેલ વેટ ક્રેડીટ GST માં SGST ની ક્રેડીટ તરીકે રૂપાંતરિત થઇ જશે.
૮૬	H-ફોર્મ સામે થયેલ EXPORT પર GST ની શું અસર થશે?	GST માં H-ફોર્મ EXPORT જેવો કોઈજ કન્સેપ્ટ નથી.
૮૭	આખર સ્ટોક માં રહેલ ટેક્ષ નો તફાવત કોના પર લાદવામાં આવશે ?? ઉત્પાદક/વેપારી પર કે સરકાર પર?	આખર સ્ટોક માં પડેલ ક્રેડીટ જુન ૨૦૧૭ ના વેટ રીટર્ન માં બતાવીને GST માં લઇ જઈ શકાશે.
૮૮	બહાર ના રાજ્યો માંથી ખરીદી કરાયેલા INPUT (જેમકે SPARE PART) ઉપર એક્સાઇઝ, સીએસટી અને એન્ટ્રી ટેક્સ ની ચૂકવણી ની ક્રેડીટ કઈ રીતે મેળવી શકીશું?	જો ડ્યુટી ની ચુકવણી નો ઇન્વોઇસ તમારી પાસે હશે , તો આવા INPUT પર ચૂકવેલ એક્સાઇઝ ની ક્રેડીટ CGST ની ક્રેડીટ માં રૂપાંતર થઇ જશે.પરંતુ CST ની ક્રેડીટ તમને નહિ મળે.
૮૯	કોઈ વેપારી એક ઉત્પાદક જે EXCISE માં રજીસ્ટ્રેશન નથી તેની પાસે ખરીદી કરે છે તો તે વેપારી ને STOCK ઉપરની ITC ના ૪૦% ક્રેડિટ મળશે?	ના, ક્રેડિટ નહિ મળે
૯૦	જે કેપીટલ ગૂડ્સ હજુ પરિવહન(TRANSIT)માં છે અને તેની ડીલીવરી GST નિમણુંક તારીખ (૧/૭/૨૦૧૭) પછી મળે છે તો કેપીટલ ગૂડ્સ પર લાગેલ ટેક્ષ ની ક્રેડીટ નું શું થશે?	હા.અમુક જોગવાઈઓ ને આધીન આ વેપારી ક્રેડીટ લઇ શકશે.
૯૧	શું સ્વચ્છ ભારત સેસ અથવા કૃષિ કલ્યાણ સેસનું આઇટીસી જીએસટી હેઠળ આગળ લઇ જઈ શકાશે?	ના.સ્વચ્છ ભારત સેસ અથવા કૃષિ કલ્યાણ સેસનું આઇટીસી જીએસટી હેઠળ આગળ નહિ લઇ જઈ શકીએ.

શાહ ટીલાણી & એસોસીએટ્સ

૯૨	કોલસા ના ઈમ્પોર્ટ પર ૪૦૦ રૂ.પ્રતિ મેટ્રિક ટન ભરવામાં આવતો “CLEAN ENRGY CESS” જીએસટી માં ચાલુ રહેશે?	ના. “CLEAN ENRGY CESS” એ “GST COMPENTION CESS” થી રીપ્લેસ થઇ જશે.
૯૩	એજ્યુકેશન સેસ અને સેકન્ડરી હાયર સેકન્ડરી એજ્યુકેશન સેસ ની ક્રેડીટ GST માં આગળ લઇ જઈ શકાશે ?	ના.આવી ક્રેડીટ GST માં આગળ નહિ લઇ શકાય કેમકે CGST ACT માં વિભાગ ૧૪૦ માં “ELIGIBLE DUTIES & TAX” ની વ્યાખ્યા માં તેનો સમવેશ નથી કરવામાં આવ્યો.
૯૪	GST લાગુ તારીખ (૧/૭/૨૦૧૭) થી ૧ વર્ષ પહેલાં ના આખર સ્ટોકમાં રહેલ ટેક્સ ક્રેડીટ GST માં આગળ લઇ જઈ શકાશે?	ના.૧/૭/૨૦૧૭ થી લઈને ૧ વર્ષ જુના આખર સ્ટોક પર કોઈ જ પ્રકાર ની ટેક્સ ક્રેડીટ GST માં આગળ નહિ લઇ જઈ શકીએ.
૯૫	TRANSITION ક્રેડીટ લઇ શકવાની સમય મર્યાદા શું છે? સ્ટોક પત્રક કેટલા સમય માં ફાઈલ કરવું પડશે?	TRANSITION ક્રેડીટ લઇ શકવાની સમય મર્યાદા GST લાગુ થઇ ગયા ને ૩ મહિના માં છે. એટલે કે ૧/૭/૨૦૧૭ થી ૩ મહિના ની અંદર આવી ક્રેડીટ નો દાવો GST માં લઇ શકીશું.
૯૬	GST અંધામાન નિકોબાર ટાપુ પર પણ લાગશે? વર્તમાન કાયદા મુજબ વેટ નથી લાગતું	હા. GST અંધામાન નિકોબાર ટાપુ પર પણ લાગશે.CGST અને UTGST લાગશે.
૯૭	શું IGST એ HIGH SEAS SALES માં બે વાર લાગશે?? પહેલા HIGH SEAS SALES પર અને પછી CUSTOME CLEARANCE પર. HIGH SEAS SALES પર ભરેલ IGST ની ક્રેડીટ મળશે?	IGST બે વાર નહિ લાગે.માત્ર એકજ વાર લાગશે.
૯૮	UP માં લગતી ‘કૃષિ મંડી ફી’ GST માં નાબુદ થશે?	ના. કૃષિ મંડી ફી’ GST માં નાબુદ નહિ થાય.
૯૯	વે બિલ-થી ઇ 2017 જુલાઈ 1 લાગુ થશે?	જ્યાં સુધી નવી જોગવાઈઓ અમલ માં ન આવે ત્યાં સુધી હાલના કાયદા મુજબ દરેક રાજ્ય પ્રમાણે ઇ વે બિલ- ની જોગવાઈઓ ચાલુ રહેશે.

શાહ ટીલાણી & એસોસીએટ્સ

૧૦૦	ANTI PROFITEERING ની GST માં કોઈ જોગવાઈ છે?	હા, બે વર્ષ સુધી ANTI PROFITEERING ની જોગવાઈ છે

પુસ્તિકા કરદાતા ઓ ના સામાન્યમાર્ગદર્શન માટે સંપુર્ણ પ્રયત્ન અને કાળજી પૂર્વક તૈયાર કરીછે છતાં . વધુ . વિશ્લેષણ અથવા અનુવાદન કરવામાં કોઈ ખામી હોય તો અમારી કોઈ જવાબદારી નથીચોખવટ માટે પોતાના સલાહકાર ની સલાહ લેવી.

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ

ચાર્ટર્ડ એકાઉન્ટએન્ટસ

ઈ ૩૧૫, સુમેલ બિઝનેસ પાર્ક -3

ન્યુ ક્લોથ માર્કેટ ની સામે

સારંગપુર, અમદાવાદ - ૦૨

૯૪૨૬૩૪૧૧૦૦ / ૯૮૨૪૯૬૬૧૩૯

shahteelani@gmail.com - www.shahteelani.com

શાહ ટીલાણી એન્ડ એસોસીએટ્સ